એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : બુધવાર, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા બુધવાર તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૨૮-૧-૨૦૨૦ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૦ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ જાન્યુઆરી થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન)<br>• એરપોર્ટ ઓથોરીટી અને એર કાર્ગોના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ ઓપન હાઉસમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. | ૧૧ |
| | | ૨.૨ ૧૫ જાન્યુઆરી થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો.<br>• DISCOMs દ્વારા કરવામાં આવેલ ટેરીફ પીટીશનો અંગે GCCI દ્વારા GERC ને રજુ કરેલ Objections ની વિગતોની જાણ કરવા. | ૧૧ થી ૧૨ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૨ |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૨ થી ૧૩ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૩ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૪ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્કુટિનીની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીને મંજુરી માટે. | |
| | ૫. | જીએસટીના પ્રશ્નોનું સંકલન કરી રજૂઆત કરવામાં આવનાર છે તો દરેક સભ્યોને જીએસટીના પ્રશ્નો મોકલી આપવા અને ચર્ચા કરવા. | |
| | ૬. | ડ્રાફ્ટ ટેક્ષટાઇલ પોલીસી જાહેર કરવામાં આવેલ છે તો આ ડ્રાફ્ટ પોલીસીને લગતા સૂચનો મોકલવા અને ચર્ચા કરવા. | |
| | ૭. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૮. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

## કારોબારી સમિતિની માસિક સભાની કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

| | | |
|---|---|---|
| મિટિંગ નં. | : | ૮/૨૦૧૯-૨૦ |
| તારીખ | : | ૨૮-૧-૨૦૨૦ |
| સ્થળ | : | શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ |
| પ્રમુખ | : | શ્રી દુર્ગેશ બુચ |

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

➢ આજની આ કારોબારી સમિતિની સભામાં આપ સૌને આવકારું છું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

➢ પ્રમુખશ્રીએ તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ — ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો અને તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

➢ પ્રમુખશ્રીએ તા. ૩૦-૧૨-૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાથે જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ મિટિંગની માહિતી આપતા જણાવ્યું હતું કે આ મિટિંગમાં જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અને ખાસ કરીને પોલીસી અંગેના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી.

➢ વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રતિભાવ હકારાત્મક હતો પરંતુ અધિકારીઓનો પ્રતિભાવ નબળો હતો. ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કાયદાની મર્યાદામાં રહીને ટેકનીકલી જે પણ શક્ય હોય તે ડબલ ટેક્ષેશનના પ્રશ્નોનો ઉકેલ લાવવો જોઇએ. ચેમ્બર દ્વારા વટવાની જેમ એક MOU કરવાની તૈયારી પણ બતાવવામાં આવી હતી. આ મિટિંગમાં માનનીય મુખ્યમંત્રી શ્રીએ ૨૦૧૫-૧૬ ના ૭૫% નાણાં અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પરંતુ આજ દિન સુધી પરત કરવામાં આવ્યા નથી. આ જોતા જણાય છે કે સરકારનો પ્રતિભાવ હકારાત્મક હોય છે પરંતુ અધિકારીઓ કોઇ પણ કારણોસર આગળની કાર્યવાહી કરતાં નથી.

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિ દ્વારા આગામી માર્ચ માસમાં "We Udaan" ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. તેની વિગતો આપવા ચેરપર્સન શ્રીમતી અર્ચનાબેનને વિનંતી કરી હતી.

➢ શ્રીમતી અર્ચનાબેને "We Udaan" કાર્યક્રમની વિગતો સમિતિના સભ્યોને આપી હતી અને સૌ સભ્યોને સહકાર આપવા વિનંતી કરી હતી.

**<u>આઇટેમ નં. ૩</u>**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

➢ સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨ • પ્રમુખશ્રીએ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

**<u>આઇટેમ નં. ૪</u>**

➢ તા. ૨૭-૧-૨૦૨૦ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે આ મિટિંગમાં નવા સભ્યો અંગે કુલ-૯ અરજીઓ આવી હતી જે તમામ ૯ અરજીઓની ચકાસણી મંજુર કરવામાં આવી હતી, જેને કારોબારી સમિતિની મંજુરી માટે ભલામણ કરવામાં આવી હતી. જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૧૦ અરજીઓ મળી હતી જે તમામ ૧૦ અરજીઓની ચકાસણી કરવામાં આવી હતી, જેને કારોબારી સમિતિની મંજુરી માટે ભલામણ કરવામાં આવી હતી.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**<u>ઠરાવ નં. ૨</u>**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૧-૨૦૨૦ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં ચકાસણી કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૯ અરજીઓ મળી હતી જે એનેક્ષર-બી મુજબ તમામ અરજીઓને મંજુર કરવામાં આવે છે, જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૧૦ અરજીઓ મળી હતી તે તમામ ૧૦ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

### આઇટેમ નં. ૫

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં એરકાર્ગો અને એરપોર્ટ ઓથોરીટીને લગતા પ્રશ્નો અંગેના ઓપન હાઉસનું આયોજન કરવામાં આવનાર છે તો દરેક સભ્યોને આ બાબતને લગતા પ્રશ્નો સત્વરે ચેમ્બરને મોકલી આપવા વિનંતી છે.

### આઇટેમ નં.૬

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ઇન્ડસ્ટ્રીયલ પોલીસીની મુદ્દતનું ઘડતર ચાલુ છે તો દરેક સભ્યોને આ પોલીસીમાં સમાવેશ કરવાના સૂચનો હોય તો તે ચેમ્બરમાં મોકલી આપવા વિનંતી છે.

### આઇટેમ નં. ૭

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય કમિશ્નર શ્રી વિજય નહેરાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા પ્રશ્નો અંગે ઓપન હાઉસના આયોજન માટે એક કલાકનો સમય આપેલ છે અને એ ઘ્યાને લઇને આગામી સમયમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશ્નોના ઓપન હાઉસનું આયોજન કરવામાં આવશે તો દરેક સભ્યોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા પ્રશ્નો ચેમ્બરમાં મોકલી આપવા વિનંતી છે કે જેથી કરીને તેને કમ્પાઇલ કરીને રજૂઆત કરી શકાય.
- પ્રમુખશ્રીએ GCCI, જીએસટી બાર એસોસીયેશન અને ગુજરાત સ્ટેટ એન્ડ કોમર્શિયલ સ્ટેટ ડીપાર્ટમેન્ટમેન્ટ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે "એમનેસ્ટી સ્કીમ-૨૦૧૯" અંગે પ્રેસ કોન્ફરન્સનું આયોજન તા. ૬-૧-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું હતું. તેની વિગતો આપતાં જણાવ્યું હતું કે જીએસટી કમિશ્નરશ્રી જે. પી. ગુપ્તા આ મિટિંગમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર દ્વારા સમાધાન યોજનાને લંબાવવા રજૂઆત કરવામાં આવી હતી.
- શ્રી કિરીટભાઇએ જીએસટી ના અમુક પ્રશ્નો બાબતે ચિંતા વ્યક્ત કરી તાત્કાલિક પત્રો લખવા જોઇએ તેમ જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ શ્રી નયનભાઇને જીએસટીના પ્રશ્નો અંગે ઓપન હાઉસનું આયોજન કરવા જણાવ્યું હતું.

### આઇટેમ નં. ૮

- NGT દ્વારા કરવામાં આવેલ ઓર્ડરને કારણે ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓ અંગે કોર્ટમાં કાર્યવાહી કરવા અગાઉની કારોબારી સમિતિની મિટિંગમાં  ચર્ચા કરી મંજુરી આપવામાં આવી હતી. આ અનુસંધાને અત્રે રૂા.૨૫ લાખનું લીગલ ફંડ ભેગું થયું છે અને વધારે ખર્ચ થશે તો આ એસોસીયેશનો આપવા બંધાયેલા છે. આ બાબતોને ધ્યાનમાં લઇને અને કારોબારી સમિતિની મિટિંગ આજે હોવાથી પીટીશન દાખલ કરવું જરૂરી હોવાથી કારોબારી સમિતિની પૂર્વ મંજુરીની અપેક્ષાએ આ પીટીશન માટે દિલ્હી ખાતે અગ્રવાલ લો એસોસિયેટ્સને એડવોકેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેઓ દ્વારા પીટીશન તૈયાર કરી મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવશે.
- સભામાં ઉપસ્થિત સભ્યોએ આની સર્વાનુમતે મંજુરી આપી હતી.

**આઇટેમ નં. ૯**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બધી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટેરીફ વધારાના પીટીશનો GERC સમક્ષ દાખલ કરાયેલ છે. તા. ૨૦-૧-૨૦૨૦ના રોજ GCCI દ્વારા તમામ એસોસીયેશન, સભ્યોને પત્ર મોકલી આ ટેરીફ પીટીશનો અંગે કોઇ મુદ્દા હોય તો તા. ૨૩-૧-૨૦૨૦ સુધીમાં GCCIને મોકલી આપવા જણાવ્યું હતું પરંતુ કોઇ સભ્ય તરફથી કોઇ પણ મુદ્દા મળેલ નથી તો આ પીટીશન અંગે GCCI દ્વારા શું કાર્યવાહી કરવી તે નક્કી કરવાનું થાય છે.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તા. ૨૭-૭-૨૦૧૯ની કારોબારી સમિતિની મિટિંગમાં હાઇકોર્ટમાં ટોરેન્ટ પાવર સામે જે પીટીશન દાખલ કરવામાં આવી હતી તે મુદ્દા ઉપર ચર્ચા થઇ હતી. તે સમયે લીગલ ફંડની પણ વાત થઇ હતી. આવા ફંડના ઉપયોગના નોર્મ્સ હવે પછીથી નક્કી કરવા માટે પણ ચર્ચા કરવામા આવેલ. જેમાં વેપાર-ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે જો કોર્ટમાં જવાનું થાય કે પીટીશન દાખલ કરવાની થાય તો જે વેપારીઓ કે ઉદ્યોગકારો અથવા તો એસોસીયેશનો ને આ પ્રશ્નો સ્પર્શતા હોય તો તે ગુજરાત ચેમ્બરમાં રજૂઆત કરશે અને ચેમ્બરમાં તેને લગતી કમિટિ દ્વારા કારોબારીમાં રજૂઆત કરવામાં આવશે. ત્યારબાદ કારોબારી સમિતિની મિટિંગમાં લીટીગેશન અંગે નિર્ણય લેવામાં આવશે અને તેમાં આને લગતા એસોસીયેશનો પણ સાથે જોડાશે અને સ્ટોકહોલ્ડર નિકળી જાય તો ચેમ્બર પણ આપોઆપ નીકળી જાય. આ પ્રકારની ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી આ પ્રશ્નો અંગે કોઇની પણ રજૂઆત આવી નથી. તો હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે પીટીશન દાખલ કરવી કે નહીં? લીગલ ફંડનું શું? આ પ્રશ્નોની રજૂઆતોનું શું? આ બધી ચર્ચા કરી નિર્ણય કરવા સભ્યોને જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે મહાજન તરીકે ચેમ્બરે ફરજ બજાવવી જોઇએ પરંતુ મહાજન તરફથી ફરિયાદ પણ મળવી જોઇએ તે એટલું જ જરૂરી છે. આ સિવાય લીટીગેશનની પ્રક્રિયા માટે ફંડીંગનો પ્રશ્ન પણ એટલો જ મહત્ત્વનો છે.
- સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે અત્રે વીજળીના બિલો વધી ગયા છે જે દરેક ઉદ્યોગનો પ્રશ્ન છે. માટે GERC સુધી રજૂઆત કરવી જોઇએ.
- શ્રી અંકિતભાઇએ આ પ્રશ્ન અંગે કોઇ પણની રજૂઆતની દરખાસ્ત કે ફંડને રાહ જોયા વગર રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું. તેના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરમાં લીગલ ફંડ હશે તો જ આ પ્રકારની કાર્યવાહી કરવી યોગ્ય ગણાશે.
- ભવિષ્યમાં ચેમ્બરના આવકના વધારામાંથી અમુક રકમ કારોબારી સમિતિની મંજુરી બાદ લીગલ ફંડમાં ટ્રાન્સફર કરીએ તે અલગ વસ્તુ છે પરંતુ આ માટે લીગલ ફંડ કરવું અને તેને ધ્યાનમાં રાખીને કોર્ટની કાર્યવાહી કરવી તે આપણાં સૌની ફરજ બને છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા સભ્ય એસોસીયેશનને પત્રો દ્વારા રજૂઆત મોકલવા માટે જણાવવામાં આવે છે, આમ છતાં પણ તેઓની રજૂઆત આવેલ નથી. તેમની ભલામણ આવેથી ચેમ્બર દ્વારા કાર્યવાહી કરવામાં આવે.
- શ્રી નિલેશ શુક્લએ ઘણાં બધા કારણોથી સભ્યો આવી રજૂઆતો કરતા ગભરાય છે તેમ જણાવ્યું હતું.

- શ્રી પ્રતાપ ચંદને ચેમ્બરના ખર્ચ કરતાં થતા આવકના વધારામાંથી અમુક રકમ લીગલ ફંડમાં ટ્રાન્સફર કરવી જોઇએ તે સૂચનને આવકાર્યું હતું.
- પ્રમુખશ્રી જણાવ્યું હતું કે લીગ ફંડ એ પ્રેક્ટીકલ ઉપાય છે. વેપાર-ઉદ્યોગને અસર કરતા વિશાળ હિતમાં લીગલ કાર્યવાહી કરવાની થાય તો તે કરી શકાય. પ્રમુખશ્રીએ ચેમ્બરમાં ઓછામાં ઓછું બે કરોડનું લીગલ ફંડ હોવું જોઇએ અને દરેક સભ્યોને આ ફંડમાં યથાશક્તિ સહકાર આપવા વિનંતી કરી હતી. આમ મહાજન બનીએ અને મહાજનની જેમ લડીએ તેમ જણાવ્યું હતું.
- શ્રી કિરીટભાઇએ વેપાર-ઉદ્યોગના વિશાળ હિતમાં લડત આપવા સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે એસોસીયેશનો કે વેપારીઓ અથવા ઉદ્યોગકારો તરફથી કોઇ પણ પ્રશ્નો અંગે રજૂઆત આવે તો સામુહિક રજૂઆતની અસર, પાર્ટીસીપેશન અને ઇન્વોલમેન્ટ તથા ટીમવર્ક ખુબજ જરૂરી છે અને ટીમવર્ક તે પાયાની જરૂરિયાત છે. જે પણ સભ્યોને આવા પ્રશ્નો સ્પર્શતા હોય તો ભલે નાનો અવાજ હોય તો પણ નાનો અવાજ સાથે મળી સામુહિક મોટો અવાજ બની શકે છે.
- શ્રી મીહીરભાઇએ રજૂઆતની રાહ ના જોતાં પ્રો-એક્ટીવ થવાનું સૂચન કર્યું હતું. આના પ્રત્યુત્તરમાં એનર્જી કમિટિના ચેરમેન શ્રી ધિરેન્દ્ર દોશીએ એનર્જી કમિટિના સભ્યો દ્વારા પ્રોએક્ટીવ થઇને જે કાર્યવાહી કરી હતી તેની માહિતી સમિતિના સભ્યોને આપી હતી.
- શ્રી લાખાભાઇ કેશવાલાએ બ્રાસના ઉદ્યોગોને ટેરીફ વધારાનો પ્રશ્ન વધુ સ્પર્શે છે તો તેમના એસોસીયેશનો દ્વારા આવી રજૂઆત મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમણે સોલરને લગતા પ્રશ્નો અંગે પણ રજૂઆત કરી હતી.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરમાં તા. ૯-૧-૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલની ઉપસ્થિતિમાં સોલાર અને રીન્યુએબલ એનર્જી અંગે પરિચર્ચાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આ અંગેના પ્રશ્નો અને સૂચનો અંગે ચર્ચા કરવામાં આવી હતી અને તેની ફોલો-અપ ની મિટિંગ માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. આ સાથે રેવન્યુના પ્રશ્નો અંગે માનનીય મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ સાથે અને કાયદો અને વ્યવસ્થાને લગતા પ્રશ્નો અંગે માનનીય મંત્રી શ્રી પ્રદિપસિંહજી સાથે એક મિટિંગનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવનાર છે તેમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.
- ચર્ચાને અંતે ટેરીફ વધારા માટે GERC સમક્ષ રજૂઆત કરવી તે સિવાયનો અત્યારે કોઇ નિર્ણય કરતા નથી તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.
- શ્રી જૈનિકભાઇ વકીલે જણાવ્યું હતું કે CBDTના ચેરમેનને ઇન્કમટેક્ષ વિભાગ દ્વારા એસેસમેન્ટ અંગે જે નોટીસો આપવામાં આવી છે તે અંગે રજૂઆત કરવામાં આવી હતી અને તેની વિગતવાર માહિતી સમિતિના સભ્યોને આપી હતી.

**આઇટેમ નં. ૧૦**

**પ્રમુખ સ્થાનેથી**

- કારોબારી સમિતિની મિટિંગ બાદ GSTV સાથે વેપારી અને ઉદ્યોગકારોની કેન્દ્રીય બજેટ ૨૦૨૦માં શું અપેક્ષાઓ છે તે અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં દરેક સભ્યોને જોડાવવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.

- તા. ૧-૨-૨૦૨૦ના રોજ ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન કેન્દ્રીય બજેટ રજુ કરશે તેના લાઇવ ટેલીકાસ્ટનું આયોજન ગુજરાત ચેમ્બરમાં કરવામાં આવ્યું હતું. દરેક સભ્યોને તેમાં ઉપસ્થિત રહેવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.
- વધુમાં પ્રમુખશ્રીએ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને Ahmedabad Branch of WIRC of ICAI ના સંયુક્ત ઉપક્રમે "Technical Analysis of Financial Bill 2020-21" ના કાર્યક્રમનું આયોજન કર્ણાવતી કલબ લોન ખાતે તા. ૩-૨-૨૦૨૦ના રોજ સાંજે ૫-૦૦ વાગે કરવામાં આવ્યું હતું તેમાં સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપ્યું હતું.
- કર્ણાવતી કલબ તેમજ રાજપથ કલબ અને GCCIના સંયુક્ત ઉપક્રમે "Fun Run 2020" નું આયોજન તા. ૧૬-૨-૨૦૨૦ ના રોજ સવારે ૬-૦૦ વાગે કરવામાં આવ્યું છે. જેમાં ૫ કી.મી. અને ૧૦ કી.મી.ની મેરેથોન દોડ યોજવામાં આવેલ છે તો આ કાર્યક્રમમાં રજીસ્ટર કરાવવા અને ભાગ લેવા સૌ સભ્યોને પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

**એનેક્ષરઃ એ**

**(તા. -૧-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૪. શ્રી દિલીપ પાધ્યા
૫. શ્રી સંજીવ છાજર
૬. શ્રી અશોક પી. પટેલ
૭. શ્રી કૌશિક ડી. પટેલ
૮. શ્રી કિરીટ એન. પટેલ
૯. શ્રી કિરીટ કે. શાહ
૧૦. શ્રી આશીષ ઝવેરી
૧૧. શ્રી જીગીશ કે. શાહ
૧૨. શ્રી પ્રતાપ એસ. ચંદન
૧૩. શ્રી રોહિત એન. પટેલ
૧૪. શ્રી શિવરામભાઇ પટેલ
૧૫. શ્રી લાખાભાઇ કેશવાલા
૧૬. શ્રી અમિત પરીખ
૧૭. શ્રીમતી અર્ચના ગુપ્તા
૧૮. શ્રી યોગેશ પરીખ
૧૯. શ્રી આસીત શાહ
૨૦. શ્રી એ. આઇ. પટેલ
૨૧. શ્રી સૌરિન પરીખ
૨૨. શ્રી અંબરભાઇ પટેલ
૨૩. શ્રી સુરેશ ત્રિવેદી
૨૬. શ્રી ગોપીનાથ અમીન
૨૭. શ્રી મીહિર પટેલ
૨૮. શ્રી અંકિત પટેલ
૨૯. શ્રી ત્રિલોક પરીખ
૩૦. શ્રી ભાવેશ લાખાણી
૩૧. શ્રી બકુલ પંડયા
૩૨. શ્રી હેમંત શાહ
૩૩. શ્રી અનુજ પટેલ
૩૪. શ્રી નિલેશ શુકલ
૩૫. શ્રી ભુપેન્દ્ર સી. પટેલ
૩૬. શ્રી જૈનિક વકીલ
૩૭. શ્રી દેવાંગ ડોકટર
૩૮. શ્રી કૈલાસ ગઢવી
૩૯. શ્રી ભાવેશ શાહ
૪૦. શ્રી હિરેન ગાંધી
૪૧. શ્રી જતીન ત્રિવેદી
૪૨. શ્રી સ્નેહલ લાવસી
૪૩. શ્રી નિલેષ દેસાઇ
૪૪. શ્રી ધિરેન્દ્ર દોશી
૪૫. શ્રી પ્રવિણ કોટક
૪૬. શ્રી નયન શેઠ
૪૭. શ્રી પ્રદિપ જૈન

# એનેક્ષર-બી

**મંજુર થયેલા સભ્યોની યાદી**

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Balaji Industries | Pankaj Dadhaniya | Patron |
| 2. | Wah Pizza & Bhel House | Sumitra Sagar | Local-Firm |
| 3. | Shah & Jhalawadia | Bhavesh Jhalawadia | Local-Firm |
| 4. | I-Mex Exports | Sejal Patel | Local-Firm |
| 5. | The Junction | Prashant Madlani | Local-Firm |
| 6. | Paragraph Khajanchi Business Centre LLP | Harshil Khajanchi | Local-Firm-LLP |
| 7. | Uma Kraftpaper Pvt Ltd | Hetan Patel | Regional-Pvt.Ltd. |
| 8. | Mobile Dealers Association-Ahmedabad | Nilay Shah | Local-Association |
| 9. | Unitech Metallurgical Services | Bijal Parmar | Local-Firm |
| 10. | Balaji Industries | Pankaj Dadhaniya | Patron |

# **એનેક્ષર-સી**

**મંજુર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | The Southern Gujarat Chamber of Commerce & Industry | Hetal Mehta<br>Ketan Desai | Dinesh Navadiya<br>Ketan Desai |
| 2. | The Textile Association (India) | T.L. Patel<br>A.D. Patel | T.L. Patel<br>H.C. Shah |
| 3. | Gujarat State Co-Op. Marketing Federation Ltd. | Bharatbhai Shah<br>Dileep Sanghani | Vinodbhai Patel<br>Dileep Sanghani |
| 4. | The Gandhidham Chamber of Comm. & Industry | Dinesh Gupta<br>Aashish Joshi | Anilkumar Jain<br>Aashish Joshi |

**મંજુર થયેલ પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Bhavnagar District Chamber Of Industries | Bhavnagar District Chamber Of Commerce & Industries | No |

**મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીની કેટેગરીમાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member at present in GCCI database | Name of Member to be changed | Change in Category, if any |
|---|---|---|---|
| 1. | Novel Spent Acid Management | Novel Spent Acid Management | Ordinary Member into Petron Member |

**મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Rameshwar Apex Pvt Ltd | 501, Shapath IV, Opp Karnavati Club, Ahmedabad | 403, Balleshwar Square, Opp Iskon Temple, Ahmedabad |
| 2. | Kamron Laboratories Ltd. | 737, Rakanpur, Sola-Santej Road, Gandhinagar | 904, Shapath-1 Complex, Opp.Rajpath Club, Bodakdev, Ahmedabad |
| 3. | Star Brick Works | Sorabji Compound, Nava Vadej, Ahmedabad | 603, Dream Rise, Nr. Hetarth Party Plot, Nr. Science City Road, Sola, Ahmedabad |
| 4. | Chandulal M Shah & Co. | 601, Samrudhi, Opp. Old High Court, Sattar Taluka Society, Ahmedabad | A-6, 6th Floor, Safal Profitaire Wing-A, Prahladnagar, Ahmedabad |

## આઇટેમ નં. ૨

### ૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ જાન્યુઆરી થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન) :

| | | | |
|---|---|---|---|
| સોમવાર | તા. ૨૦-૧-૨૦૨૦ | બપોરે ૨-૩૦ કલાકે | GCCI ની બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "સ્ટાર્ટ અપ ટુ સેટ અપ" વિષયે યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| સોમવાર | તા. ૨૦-૧-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI ડાયરેક્ટ ટેક્ષ કમિટિના ઉપક્રમે પ્રિન્સીપલ ચીફ કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ-III , અમદાવાદ શ્રી નરેશ બાલોડીયા સાથે યોજવામાં આવેલ મિટિંગ. |
| બુધવાર | તા. ૨૨-૧-૨૦૨૦ | સાંજે ૪-૩૦ કલાકે | Azerbaijan ના એમ્બેસેડર H.E. Dr. Ashraf Shikhaliyer સાથે કરેલ મિટિંગ. |
| મંગળવાર | તા. ૨૮-૧-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GSTV દ્વારા વેપારીઓ અને ઉદ્યોગકારોની Union Budget 2020-21 માં અપેક્ષાઓ વિષે યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| શનિવાર | તા. ૧-૨-૨૦૨૦ | સવારે ૧૦-૩૦ કલાકે | GCCI ના ઉપક્રમે કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧ ના લાઇવ ટેલીકાસ્ટનું કરવામાં આવેલ આયોજન. |
| મંગળવાર | તા. ૪-૨-૨૦૨૦ | સવારે ૧૧-૦૦ કલાકે | GCCI ફુડ કમિટિના સભ્યોની અમુલ ડેરી-આણંદની લીધેલ મુલાકાત. |
| ગુરુવાર | તા. ૬-૨-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI ના ઉપક્રમે એરકાર્ગો અને એરપોર્ટ ઓથોરીટીને લગતા પ્રશ્નોનું યોજવામાં આવેલ ઓપન હાઉસ. |
| બુધવાર | તા. ૧૨-૨-૨૦૨૦ | બપોરના ૩-૦૦ કલાકે | Entrepreneurship Development Institute of India દ્વારા યોજવામાં આવેલ ટ્રેનિંગ કાર્યક્રમ અંર્ગત આઠ દેશોના ૨૪ જેટલા સભ્યોએ ગુજરાત ચેમ્બરની લીધેલ મુલાકાત. |

### ૨.૨ ચેમ્બરની રજૂઆતો

- વેરા સમાધાન યોજના-૨૦૧૯ની મુદત લંબાવવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર (તા. ૯-૧-૨૦૨૦)
- High Pitched એસેસમેન્ટના કિસ્સાઓમાં સુનાવણીની તક આપવા અંગે CBDT ના ચેરમેનને પાઠવેલ રજૂઆત. (તા.૯-૧-૨૦૨૦)
- GST ના અમલીકરણ પહેલાના સમયે એટલે કે જુન-૨૦૧૭ સુધીના સમય અંગેના સર્વિસ ટેક્ષ ઓડીટની પ્રક્રિયાને મુલત્વી રાખવા અંગે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) ના ચેરમેનને પાઠવેલ રજૂઆત. (તા. ૧૧-૧-૨૦૨૦)
- ઉર્જા અંગેના વણઉકલ્યા પ્રશ્નો અંગે ગુજરાતના માનનીય ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (તા. ૧૩-૧-૨૦૨૦)
- નેપાળ ખાતે નિકાસ કરતા ટેક્ષટાઇલના વેપારીઓને પડતી મુશ્કેલીઓના નિરાકરણ તેમજ પ્રક્રિયાના સરળીકરણ અંગેના ભારત સરકારના માનનીય વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોહેલને પાઠવેલ રજૂઆત. (તા. ૧૩-૧-૨૦૨૦)
- નવા સપ્લાય કોડ અંગે ઇલેક્ટ્રીસીટી સપ્લાય કોડ રીવયુ પેનલના સભ્ય સચિવને પાઠવેલ સૂચનો (તા. ૨૧-૧-૨૦૨૦)
- ટેક્ષટાઇલ સેક્ટર અંગે અમદાવાદ (પૂર્વ) ના માનનીય ધારા સભ્ય શ્રી હસમુખભાઇ પટેલને પાઠવેલ સૂચનો (તા. ૨૩-૧-૨૦૨૦)
- High Pitched એસેસમેન્ટ કિસ્સાઓ અંગે ચેરમેન દ્વારા જણાવ્યા મુજબ કરવામાં આવેલ કાર્યવાહી અંગે સૂચિત કરવા અંગે પ્રિન્સીપલ ચીફ કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ (ગુજરાત) ને પાઠવેલ પત્ર. (તા. ૨૨-૧-૨૦૨૦)

- નવી ટેક્ષટાઇલ પોલીસી અંગે અમદાવાદ પૂર્વના માનનીય ધારા સભ્ય શ્રી હસમુખભાઇ પટેલને પાઠવેલ સૂચનો. (તા. ૨૫-૧-૨૦૨૦)
- ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ની મુદ્દત લંબાવવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા. ૨૭-૧-૨૦૨૦)
- વેરા સમાધાન યોજના-૨૦૧૯ની મુદ્દતલંબાવવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા.૨૯-૧-૨૦૨૦)
- GST ના રીટર્ન GSTR-9, 9-A, 9-C સબમીટ કરવામાં પડતી મુશ્કેલીઓ ને કારણે ટાઇમ લીમીટ પુરી થયા પછી પેનલ્ટી વગર સબમીટ કરવાની વ્યવસ્થા કરવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન, ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ જીએસટી કાઉન્સીલને પાઠવેલ રજૂઆત. (તા. ૨૭-૧-૨૦૨૦)
- પ્રેસ અને મીડીયા દ્વારા નમુના લેવાયેલ ફુડ એકમોના નામો જાહેર કરવાને કારણે પડતી મુશ્કેલીઓ અંગે ગુજરાત રાજ્યના ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ (એડમીનીસ્ટ્રેશન) (FDCA) ના કમિશ્નર શ્રી એચ. જી. કોશિયાને પાઠવેલ રજૂઆત (તા. ૬-૨-૨૦૨૦)
- નવી ટ્રેડ પોલીસી અંતર્ગત નોનપ્રેફરન્સીયલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન આપવાની પ્રક્રિયામાં સરળીકરણ કરવાના ઉદ્દેશથી ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડની કચેરી દ્વારા મંગાવેલ વિગતો આપવા તેમજ નવી પોલીસીમાં પ્રેફરન્સીયલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન આપવાની મંજુરી GCCI જેવા ચેમ્બરોને આપવા ડે. ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેડ શ્રી ગગનદીપસિંગ ઢીલ્લોનને પાઠવેલ પત્ર. (તા. ૮-૨-૨૦૨૦).

## ૨.૩ એક્શન ટેકન :

- ગુજરાત ચેમ્બર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રીને ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ ની મુદ્દત લંબાવવા અંગે રજૂઆત કરી હતી. આ અનુસંધાને ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ની મુદ્દત તા. ૩૦ જુન,૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે.
- ગુજરાત ચેમ્બર દ્વારા "વેરા સમાધાન યોજના-૨૦૧૯" ની મુદ્દત લંબાવવા અંગેની રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રીને કરી હતી જેના અનુસંધાને સરકારશ્રી દ્વારા અરજી કરવાની તા. ૨૭-૧-૨૦૨૦ સુધી લંબાવવામાં આવી હતી.
- જીએસટીના વાર્ષિક રીટર્ન GSTR-9 અને 9-C સબમીટ કરવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી GCCI દ્વારા તેની મુદ્દત લંબાવવા તેમજ સમય મર્યાદા પછી પણ પેનલ્ટી વેરા રીટર્ન મંજુર કરવા અંગેની રજૂઆત ભારતના માનનીય નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમન તેમજ જીએસટી કાઉન્સીલને કરવામાં આવી હતી. આ અનુસંધાને GSTR-9 અને 9-C ભરવાની છેલ્લી તારીખને ૩૧ જાન્યુઆરી-૨૦૨૦ ના બદલે ૫ ફેબ્રુઆરી-૨૦૨૦ સુધી લંબાવવામાં આવી હતી.

## ૨.૪ અન્ય માહિતી

**સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮<br>૩૯૪૨ | મે-૧૮<br>૩૯૮૧ | જુન-૧૮<br>૩૮૬૩ | જુલાઇ-૧૮<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૮<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૮<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૮<br>૩૬૧૮ |
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| નવેમ્બર-૧૮<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૮<br>૩૩૩૫ | જાન્યુઆરી-૧૯<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૧૯<br>૩૬૯૫ | માર્ચ-૧૯<br>૩૯૦૫ | કુલ-૨૦૧૮-૧૯<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯<br>૩૬૪૬ | જાન્યુઆરી-૨૦<br>૩૯૦૦ | ફેબ્રુઆરી-૨૦ | માર્ચ-૨૦ | કુલ-૨૦૧૯-૨૦<br>૩૧૦૨૨ | |

**અખબારી નિવેદનો :**

- "સ્ટાર્ટ અપ - ટુ સેટ અપ" કાર્યક્રમ અંગે (તા. ૨૦-૧-૨૦૨૦)
- "કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧" પર ચેમ્બરની પ્રતિક્રિયા (તા. ૧-૨-૨૦૨૦)
- એરકાર્ગો અને એરપોર્ટ ઓથોરીટીના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ ઓપન હાઉસ (તા. ૬-૨-૨૦૨૦)

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૬-૧-૨૦૨૦)

નં. ૨ GCCIની એનર્જી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૬-૧-૨૦૨૦)

નં. ૩ GCCIની સેક્ટોરીયલ રીસર્ચ એન્ડ એનાલીસીસ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૭-૧-૨૦૨૦)

નં. ૪ GCCIની ડાયરેક્ટ ટેક્ષ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૨૦-૧-૨૦૨૦)

નં. ૫ GCCIની એનર્જી કમિટિ મિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૧-૧-૨૦૨૦)

નં. ૬ GCCIની ફુડ એન્ડ ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૨૨-૧-૨૦૨૦)

નં. ૭ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિ મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૨૩-૧-૨૦૨૦)

નં. ૮ GCCIની યુથ વિંગના બોર્ડ સભ્યોની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૪-૧-૨૦૨૦)

નં. ૯ GCCIની સ્કુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૭-૧-૨૦૨૦)

નં. ૧૦ GCCIની મહાજન સંકલન કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૮-૧-૨૦૨૦)

નં. ૧૧ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૮-૧-૨૦૨૦)

નં. ૧૨ GCCIની ADRC અને Legal કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૧-૨-૨૦૨૦)

નં. ૧૩ GCCIની NRG સેન્ટરની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૪-૨-૨૦૨૦)

નં. ૧૨ GCCIની સ્ટાર્ટ-અપ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૦-૨-૨૦૨૦)

## ૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

નં. ૧ ટ્રાફીક સલાહકાર સમિતિની મળેલ મિટિંગમાં ચેમ્બરના સભ્ય શ્રી જનક નાણાવટીની ઉપસ્થિતિ (તા. ૨૧-૧-૨૦૨૦)

નં. ૨ સ્ટાન્ડર્ડાઇઝેશન ક્વોલીટી કન્ટ્રોલ-ગુજરાત ની સ્ટેટ લેવલ કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી મિતેષ શુકલની ઉપસ્થિતિ. (તા. ૨૯-૧-૨૦૨૦)

નં. ૩ PGRC-CGST ની પબ્લીક ગ્રીવન્સ કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના સભ્ય શ્રી એસ.વી. મોદીની ઉપસ્થિતિ. (તા. ૩૦-૧-૨૦૨૦)

નં. ૪ ગાંધીનગર ખાતે મળેલ Viable Sick Industrial Enterprises માટે MSME કમિટિની મળેલ મિટિંગમાં GCCI-MSME કમિટિના ચેરમેન શ્રી અજય ડી. પટેલની ઉપસ્થિતિ. (તા. ૨૩-૧૨-૨૦૧૯)

નં. ૫ INDEXT-b ની ગવર્નીંગ બોડીની મળેલ મિટિંગમાં GCCI ના માનદ્-ખજાનચી શ્રી પથિક પટવારીની ઉપસ્થિતિ. (તા. ૧-૨-૨૦૨૦)

નં. ૬ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટની મળેલ બોર્ડ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી હેમંત શાહની ઉપસ્થિતિ (તા. ૧૪-૨-૨૦૨૦)